આટોપવું, સમેટવું, ભેગું કરી લેવું, જવા દેવું વગેરે શબ્દો આ માટે વાપરી શકાય. શું છે આ આટોપવું? ક્યારે આટોપવું? કેવી રીતે આટોપવું? મેં મારી જિંદગીનાં સિત્તેર વર્ષ બસ એ બધું ભેગું કરવામાં જ વિતાવ્યાં હોય તો, ત્યાર પછી કોઈ મને આવીને એમ સલાહ આપે કે

‘આ બધું નકામું છે.’
‘કશું સાથે જતું નથી.’
‘માત્ર સત્કર્મો જ સાથે જાય છે.’ તો...

એ મને મૂંઝવણ ના કરે? કેટલા બધા પ્રયત્નો, પુરુષાર્થ, મહેનત, દોડાદોડી વગેરે પછી મને એ બધું મળ્યું અને હવે એ ‘છોડવાનું’ કહો તો મને, મારી આજુબાજુનાં બધાંને તકલીફ તો કરે ને? અને કેટલા લોકો આ કરી શકે છે? છોડવું તો બધાંયને હોય પણ છૂટે તો ને?

શું આ બધું છોડવાનું, આટોપવાનું મારા હાથમાં છે? મારી આજુબાજુ એવા કેટલા માણસો મળે કે જેઓ છોડવાની દિશામાં હોય?

એક એંશી વર્ષના વડીલ પણ ખાવાની લાઇનમાં હાથમાં પ્લેટ લઈને હરખભેર ઊભા હોય તો... આ છોડવાનું અઘરું તો હશે જ ને? એ વડીલને પણ ખબર તો હોય જ ને કે એ બરાબર નથી, પરંતુ એ વડીલ ગમે તેવી દલીલો કરીને પણ એ કરે જ છે ને? મારી ચારેય બાજુ સ્પર્ધા, સરખામણી, લોભ-લાલચ-અધરાવો અને ભેગું કરવાની તકો વેરાયેલી પડી હોય તો આ છોડી દેવાની વાત સહેલી તો નથી જ ને?

જેઓ અહમ્ વિશે ભાષણો કરે છે તેઓ પોતે ઊંચા આસને બેસી વાત કરે છે. જેઓ અપરિગ્રહની વાત કરે છે તેઓ સગવડ

વાળાં મોટાં મહેલમાં નિવાસ કરે છે. લાલચ, અપેક્ષા, ખાતરી સિવાય કોઈ સેવા કરવાનું નામ લેતું નથી. ભારતીયોનું પરદેશનું પ્રયાણ – ભોગવિલાસની પાશ્ચાત્ય સંસ્કૃતિમાં વસવાટ કર્યા પછી, ભોગવવાની ઇચ્છાઓ ઊમટે કે પછી સત્કર્મોની સુફિયાણી વાતો જીતે?

દરેક માણસને સુખ જોઈએ છે અને પૈસાથી બધું શક્ય છે એવું મનાય છે. હા, પૈસાથી એ બધું મેળવી શકાય એ વાત નક્કી છે. રોજબરોજનું જીવન સગવડવાળું હોય એ જરૂરી છે. અસ્તિત્વ ટકાવી રાખવા પાયાની જરૂરિયાતો સંતોષાય, પૂરી થાય એ મહત્ત્વનું છે. જ્યાં પીવાનું પાણી, એક ઘડો પાણી મેળવવા માટે ત્રણ માઈલ પગે ચાલીને જવું પડતું હોય ત્યાં કે પછી રોટલો અને ડુંગળી પણ સહેલાઈથી ન મળતાં હોય ત્યાં અને ત્યારે ભૌતિક સમૃદ્ધિનું આકર્ષણ કોને ના ગમે? અને ત્યારે મારી પરદેશગમનની ઇચ્છા, મહેચ્છા, અપેક્ષા વાજબી કહેવાય કે નહીં? આધ્યાત્મિકતાની સુફિયાણી વાતો ત્યારે કેટલી રુચિકર લાગે? 'ભૂખ્યા પેટે ભજન થાય ખરું?'

માણવું એ મારો હક છે અને હું પણ માણી શકું, મારે મારા સંજોગો અને મારી આવડત પ્રમાણે એ બધું મેળવવા પ્રયત્ન કરવો એમાં કશું ખોટું શું છે? માણસને જિજ્ઞાસા હોય છે નવું શોધવાની, ફંફોળવાની, અનુભવવાની – એ એક બહુ સ્વાભાવિક લાગણી છે. એટલે 'સંસાર અસાર છે' એ વાત જ્યાં સુધી સંસાર અનુભવાય નહીં ત્યાં સુધી સમજાય નહીં! અને હવે તો સોશિયલ મીડિયાના કારણે મારી એ આતુરતા અને જિજ્ઞાસાને ભરપૂર વેગ મળ્યો છે. નાની ઉંમરથી જ એ સંતાનો દુનિયા ખંખોળવાનાં એમનાં સપનાં સાકાર કરવા મચી પડે છે!

એક નવો જ સમાજ ઊભરી રહ્યો છે. જીવન જીવવાની ભાતો, શૈલી ખૂબ ઝડપે બદલાઈ રહ્યાં છે. આદર્શો અને મૂલ્યોના અર્થ, નવા સંદર્ભો પ્રમાણે નક્કી થાય છે. 'વસુધૈવ કુટુમ્બકમ્' આકાર

લઈ રહ્યું છે. જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, ચામડીના ભેદ એ બધું ભૂંસાવા માંડ્યું છે. કરુણા અને સહૃદયતા ઊભરી રહી છે. સરહદોના વાડા આ નવી પેઢીને પસંદ નથી. એટલે ગુજરાતના એ નાના ગામડામાં રહેતા એ સક્ષમ બાળકને યુરોપના કોઈ નાનકડા દેશની નાનકડી યુનિવર્સિટીમાં ભણવા જવાનું જરાયે અઘરું કે અવાસ્તવિક લાગતું નથી. સમય જતાં એક સ્વીડિશ કે ઑસ્ટ્રેલિયન છોકરી સાથે સંબંધ બાંધવાનું એને એટલું જ આકર્ષક અને ઉત્તેજિત લાગે છે. સ્વાભાવિક રીતે જ એની જીવનશૈલી, ખાનપાનની ટેવો બધું બદલાશે. એનાં સંતાનો એક નવી જ 'જીવનભાષા' બોલશે!

ના ગમે! જૂની પેઢીનાં માબાપને આ બધું ન ગમે. પરદેશ જાય, સારું ભણે, સારું કમાય એ ગમે, પણ બાકીનું બધું બિલકુલ ના ગમે. શું કામ ગમે? એ બધું આપણા માટે સારું નહીં. એ લોકો 'આપણાવાળા' નહીં, આપણાથી એમની જોડે ભળાય નહીં.

ના જ ગમે! કારણ કે એમ થવાથી મારી પકડ ઢીલી પડે છે. તેઓ મારાથી જુદા પડે છે. તેઓ મારાથી આગળની, ઊંચી વાત કરે છે. મારું નિયંત્રણ, કાબૂ ઓછાં થાય છે. મારો અહમ્ ઘવાય છે! મારું મહત્ત્વ ઘટે છે. હવે તેઓ મારા પર આધારિત નથી.

એવું જ મારા સામાજિક, ધાર્મિક નેતાઓનું પણ છે. એમને પણ ના ગમે કે આપણાં સંતાનો 'પરદેશી' થઈ જાય! હા, સમૃદ્ધ થવામાં વાંધો નહીં, પરંતુ 'પરદેશી' ના થવાય. કારણ કે એમ થવાથી એમનું મહત્ત્વ ઘટી જાય છે. એમનો સામાજિક પ્રભાવ, સામાજિક પ્રભુત્વ ઓછું થઈ જાય છે. એમણે પણ વ્યવસ્થાઓ કરી દીધી છે. એમણે પણ એ સંતાનોની સાથે-સાથે પરદેશગમન કર્યું અને એ સંતાનનાં એ નવાં, અજાણ્યાં શહેરોમાં જ એક સ્થાનક ઊભું કરી દીધું. નામ અપાય 'સંસ્કૃતિના પ્રચાર અને પ્રસાર'નું, પણ ખરેખર એવું નથી!

અમારું મહત્ત્વ ના ઘટે, અમારો પ્રભાવ ન ઘટે અને અમને છોડી કોઈના ન થઈ જાવ. તમે અમારા કાબૂ બહાર ન જતા રહો.

આવા કારણોસર, તમારી સંસ્કૃતિ સાચવી રાખવા, તમારાં સંતાનો 'બગડી' ના જાય, સંસ્કારી બને એ માટે અમે તમારા માટે બધો મસાલો લઈને આવ્યા છીએ એવી એમની જાહેરાતો છે.

સંસ્કૃતિના સંરક્ષણના ઊજળાં બહાનાં હેઠળ એક 'પાવર સ્ટ્રગલ', સત્તાનું યુદ્ધ ચાલી રહેલું છે અને આ ખેંચાખેંચી સ્થાનિક કક્ષાએ અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચાલી રહી છે. આમાં આધ્યાત્મિકતા ક્યાંક ખોવાઈ ગઈ છે, કારણ કે ભૌતિક સમૃદ્ધિ અને સરળતા/સંતોષ સાથે જતાં નથી. સદાચાર સિવાય સદ્‌વિચારની કોઈ કિંમત નથી.

સત્તાની હૂંસાતૂંસી આપણાવાળા અને આપણાવાળા નહીં તે સંઘર્ષમાં 'વસુધૈવ કુટુમ્બકમ્'વાળી વાત, કરુણા અને સહૃદયતાની વાત એક નવો વળાંક લે છે. સામાજિક આભડછેટ અને અસ્વીકાર, પૂર્વગ્રહ અને અસહકારની ચળવળ સાથે-સાથે જોર પકડી રહી છે. 'કોણ વધારે શક્તિશાળી, કોણ વધારે પ્રભાવશાળી' એ વાત મહત્ત્વની બની છે. કોણ વધારે સારું, કોણ વધારે સાચું એ મહત્ત્વનું રહ્યું જ નથી.

આ એક બીજી મોટી રમત છે. આધુનિક જમાનામાં સોશિયલ મીડિયાનો, આધુનિક પ્રચારનાં સાધનોનો મહત્તમ ઉપયોગ થાય છે, સામાન્ય માણસોને આ રમતમાં સાંકળવા, એમને પ્રભાવિત કરવા, એમને 'પોતાના' કરવા! થોડાંક શિક્ષિત યુવક-યુવતીઓ પણ આ સમગ્ર પરિવર્તનથી પ્રભાવિત થઈ એ રમતમાં જોડાય છે અને આ નવું નથી.

આ નવા ઊભરી રહેલા સમાજમાં સૌ માનવ સરખા જવાબદાર છે. સરખા ભાગીદાર છે. એક બાજુ પરદેશગમન, ભૌતિક સમૃદ્ધિનું આકર્ષણ. બીજી બાજુ મારું જ બધું સાચું અને સારું.

જ્ઞાતિ, ગોળ, ગામ એ બધું હવે ગૌણ બન્યું છે. આ નવા સંઘર્ષમાં, આ નવા પરિવર્તનમાં કોણ વધારે મહત્ત્વનું એ નક્કી થવામાં મારો ધર્મ, મારું શિક્ષણ અને મારી સમૃદ્ધિ એ બાબતો

મહત્ત્વની બની છે. ઊંચ-નીચના ખયાલો પહેલાં પણ હતા અને અત્યારે પણ છે. ભણેલા વિરુદ્ધ અભણ અને સમૃદ્ધની સામે ગરીબ એ બાબત પરદેશોમાં પણ નવી નથી. અમેરિકા જેવા સમૃદ્ધ, શક્તિશાળી દેશમાં પણ ભણેલા અને અભણ તથા પૈસાદાર અને ગરીબ વચ્ચે બહુ મોટી ખાઈ છે અને એ પ્રશ્ન જ્યારે બાહ્ય સ્તર પર આવે છે ત્યારે એમાં પૂર્વગ્રહ મહત્ત્વનો ભાગ ભજવે છે. 'પાણીમાં રહેવું અને મગર સાથે વેર' – એ કહેવતને આ નવા સંદર્ભમાં સમજવી પડે એવી છે. મારી નજરમાં આ એક ગંભીર બાબત છે, અહીં રહેતા ભારતીઓ માટે. મારું તો આ 'ડ્યૂઅલ સિટીઝનશિપ'માં પૂરું થયું. મારી પાસે તો 'ઓસીઆઇ' પણ હતું, પરંતુ આ નવા ઊભરી રહેલા સમાજના આ નવા સભ્યો (આપણાં સંતાનો, એમનાં સંતાનો)નું શું? ભલે એમને 'ઇન્ડિયા' સાથે કોઈ લેવાદેવા ન હોય, તેઓ કહેવાશે તો 'ઇન્ડિયન' જ ને?

બીજો મહત્ત્વનો પ્રશ્ન ભારતીયો માટે છે, તે છે એમની વૈયક્તિકતાનો. ભારતીય એક નથી. આપણે ક્યારેય એક હતા જ નહીં. દેશની એ ભિન્નતા આપણે આપણાં લોહીમાં અહીં લઈને આવ્યા છીએ. ભારતીય સંસ્કૃતિમાં અનેક પેટાસંસ્કૃતિઓ છે. ભારતના જુદા-જુદા ભાગોમાં જુદી-જુદી જાતિઓ રહે છે, એમની જીવનશૈલી અલગ-અલગ છે. ખોરાક, પોશાક, ભાષા અલગ છે. એક વિસ્મયજનક બાબત છે એ કે એ દેશ 'અખંડ ભારત' તરીકે હજી સુધી ઊભો રહી શક્યો છે! મહત્ત્વનું એ નથી, મહત્ત્વનું એ છે કે આપણે એ બધી ભિન્નતાઓ આપણી સાથે પરદેશમાં લઈ આવ્યા. અહીં આપણે એ પ્રમાણે જીવવાનું પસંદ કર્યું છે. એ પણ સ્વાભાવિક છે. નવાઈ લાગે એવી બાબત એ છે કે આપણે આ પરદેશની ભૂમિ પર, એક ભારતીય તરીકે રહેવાને બદલે ગુજરાતી, બંગાળી, પંજાબી, તામિલ, મરાઠી એ પ્રમાણે ઓળખાઈએ છીએ. આપણી સ્વતંત્ર ઓળખ ટકાવી રાખવા, સલામતીનો અનુભવ કરવા આપણે અનેક અલગ સંગઠનો પણ ઊભાં કર્યાં છે.